રાજ્યનાં આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને મીની આંગણવાડી કાર્યકરોના માનદવેતનમાં વધારો કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૬/૨૧૭૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧-૦૩-૨૦૧૯

સંદર્ભ:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર ના તા.૨૩-૧૦-૧૦૧૭ ના ઠરાવ ક્ર: આઇસીડી/૧૧૨૦૧૬/૨૧૭૬/બ

(૨) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર ના તા.૨૦-૦૯-૨૦૧૮ ના પત્ર ક્ર :૧૧-૩૬/૨૦૧૬-સીડી.।

પ્રસ્તાવના:-

ગુજરાત રાજ્યમાં મંજુર ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને મીની આંગણવાડી કાર્યકરો માનદવેતનથી સેવા બજાવે છે. સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) નો વ્યાપ વધારી કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના હેઠળ પૂર્વ શાળા શિક્ષણ, કિશોરીઓ માટેની યોજના વગેરે નવી બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ માટેની કેન્દ્ર સરકાર પુરસ્કૃત પ્રધાનમંત્રી માતૃવંદના યોજના તેમજ રાજય સરકાર પુરસ્કૃત ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટેની પુરક પોષણ અને આરોગ્ય શિક્ષણની પૂર્ણા યોજના આંગણવાડી કેન્દ્રો મારફત અમલમાં મુકવાનું નક્કી કરવામાં આવેલ છે. બાળકોના પોષણ સ્તરમાં નોંધપાત્ર સુધારો થાય તે આશયથી કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮ થી રાષ્ટ્રીય પોષણ અભિયાન અમલમાં મુકવામાં આવેલ છે.



ARS

આ તમામ યોજનાઓના સફળ સંચાલન માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આંગણવાડીઓ માટે પાકા મકાન, ગેસ સુવિધા, વિજળી સુવિધા, પીવાના પાણીની સુવિધા, શૌચાલય સુવિધા જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરી આપવામાં આવેલ છે. સંકિલત બાળ વિકાસ યોજના અંતગર્ત વિવિધ લાભાર્થીઓને આપવાના થતા લાભો અને સેવાઓ તેઓને સમયસર મળે તેમજ તે બાબતોનું રીઅલ ટાઇમ મોનીટરીંગ થાય તે જરૂરી છે. આ હેતુ સાધ્ય કરવા સાથે આંગણવાડી કાયર્કરનું રિપોર્ટિંગનું કાર્યભારણ ઘટે અને તેઓને વિવિધ પ્રકારના અહેવાલ ઓનલાઇન મોકલવાની સુગમતા રહે તે માટે આંગણવાડી કાયર્કરોને સ્માર્ટ ફોન આપવાનું રાષ્ટ્રીય પોષણ અભિયાન અંતગર્ત નક્કી કરવામાં આવેલ છે.

આમુખ (૧) થી આંગણવાડી કાર્યકરોને રૂ.૬૩૦૦/-, આંગણવાડી તેડાગરોને રૂ.૩૨૦૦/- અને મીની આંગણવાડી કાર્યકરોને રૂ. ૩૬૦૦/- માસિક માનદવેતન ચુકવવાનું નક્કી કરવામાં આવેલ હતુ. આમુખ (૨) થી ભારત સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં માનદવેતનથી ફરજ બજાવતાં આંગણવાડી કાર્યકરો/તેડાગરો અને મીની આંગણવાડી કાર્યકરોના માનદવેતનમાં વધારો કરવામાં આવેલ છે.

<u>ઠરાવ</u>:-

સરકારની આ મહત્વાકાંક્ષી યોજનાઓનો વ્યાપ ધ્યાને લેતા આંગણવાડી સંચાલનની જવાબદારી નિભાવતા આંગણવાડી કાર્યકરો/તેડાગરોના માનદવેતન વધારાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી. આથી નીચે મુજબનો પગાર વધારો મંજુર કરવામાં આવે છે:

રાજ્ય સરકાર દ્વારા તા.૦૧-૦૩-૨૦૧૯ થી એટલે માર્ચનું માનદવેતન એપ્રિલ ૨૦૧૯ માં ચુકવણા અસરથી આંગણવાડી કાર્યકરોને ભારત સરકારની યોજના (૬૦:૪૦) મુજબ માસિક રૂ.૪૫૦૦/- + રાજ્ય સરકારનાં ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ માસિક રૂ.૨૭૦૦/- મળીને કુલ રૂ.૭૨૦૦/-, તેડાગરોને ભારત સરકારની યોજના (૬૦:૪૦) મુજબ માસિક રૂ.૨૨૫૦/- + રાજ્ય સરકારના ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ



ARS

માસિક રૂ.૧૪૦૦/- મળીને કુલ રૂ.૩૬૫૦/- અને મીની આંગણવાડી કાર્યકરોને ભારત સરકારની યોજના (૬૦:૪૦) મુજબ માસિક રૂ.૩૫૦૦/- + રાજ્ય સરકારનાં ૧૦૦ % સ્ટેટ બર્ડન હેઠળ માસિક રૂ.૬૦૦/- મળીને માસિક કુલ રૂ. ૪૧૦૦/- નું માનદવેતન નક્કી કરવામાં આવે છે.

(૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(3) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. આ જોગવાઈમાંથી વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે નિયત સમય મર્યાદામાં સરન્ડર કરવાની રહેશે.

(૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) વિભાગે રજૂ કરેલા અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઈ કરાવી લેવાની રહેશે.

(૬) આ યોજનાનો અમલ તા.૦૧/૦૩/૨૦૧૯થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી ક્રમાંકઃ ૧૦૬

મુખ્યસદરઃ ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદરઃ ૦૨- પોષણ ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદરઃ ૧૦૧- ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદરઃ ૦૧- એન.ટી.આર-૧૦ આંગણવાડી કાર્યકરો/તેડાગરોને વધારાની સવલતો.



ARS

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૨૮/૦૨/૨૦૧૯ની તથા સરકારશ્રીની તા.૨૮/૦૨/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARchristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી,સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
7. સચિવશ્રી(આયોજન)ના નાયબ સચિવ,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
10. જિલ્લા વિકાસ અધિકારીશ્રી સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
11. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી – તમામ
12. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) ની કચેરી અમદાવાદ/ વડોદરા/સુરત/રાજકોટ
13. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) સર્વે જિલ્લા પંચાયત કચેરી................

14.પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન.................
15.નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
16.એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
17.પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
18.વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
19.સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
20.સિલેક્ટ ફાઇલ